# સે-૨૬માં કોંગ્રેસના મહામંત્રીના ઘર પર હુમલો

## વોન્ટેડ ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદાર અને સાથીઓએ વિરેન્દ્રસિંહના ઘરે પથ્થર મારો કર્યો, વહેલી સવારે તલવારો- ધોકા સાથે આતંક મચાવ્યો, બે ગાડીના કાચ પણ તોડી નાંખ્યા, બનાવની જાણ થતા કોંગ્રેસના આગેવાનો પણ દોડી પહોંચ્યા



ગાંધીનગર, તા.૪

ગત વિધાનસભા ચુંટણીના કોંગ્રેસના ઉમેદવાર વિરેન્દ્રસિંહ ઉર્ફે અજીતસિંહ વાઘેલાના ઘર પર વહેલી સવારે કોલવડા મર્ડર કેસના વોન્ટેડ આરોપી ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદાર અને તેમની ટોળકીએ ચુંટણીની અદાવતમાં પથ્થરમારો કરી તલવાર, ધોકા સહિતના હથીયાર સાથે તોફાન મચાવ્યું હતું. પથ્થરમારો કરતા વિરેન્દ્રસિંહના ઘરમાં તોડફોડ કરી તેમજ ધોકા વડે તેમની ગાડીના કાચ પણ તોડી નાંખ્યા હતા. જયારે વહેલી સવારે હોહા થતા પાડોશીઓ જાગી જતા જમાદાર સહિતના સભ્યો ગાડીમાં બેસી જતા રહ્યા હતા. વિરેન્દ્રસિંહના ઘરે હુમલાની ઘટનાને પગલે કોંગ્રેસના આગેવાનો પણ દોડી ગયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૬ ગ્રીનસીટી કે-૫૩ ખાતે રહેતા મુળ વાસણ ગામના વતની વિરેન્દ્રસિંહ મફાજી વાઘેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી તરીકે કાર્યરત છે. ગત વિધાનસભાની ચુંટણીમાં વિરેન્દ્રસિંહ વાઘેલા ગાંધીનગર ઉતર બેઠક પર કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારી નોંધાવી હતી. ચુંટણી પ્રચાર દરમિયાન કોલવડા ગામના ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ વાઘેલા ઉર્ફે જમાદાર ભાજપ પક્ષ તરફથી પ્રચાર કરી વિરેન્દ્રસિંહ વિરુદ્ધ વ્યકિતગત ખોટી અફવાઓ ફેલાવતો હતો. જેથી વિરેન્દ્રસિંહે પોતાના મિત્ર વર્તુળ દ્વારા ઘનશ્યામસિંહનો બિનજરુરી ખોટો પ્રચાર નહી કરવા માટે જણાવ્યું હતું. આ બાબતે બંને વચ્ચે મનદુઃખ થયુ હતું. ગત રાત્રીએ વિરેન્દ્રસિંહ પોતાના પરિવાર સાથે ઘરે જમી પરવારીને બેઠા હતા. તે દરમિયાન રાત્રીના પોણા દશ વાગે વિરેન્દ્રસિંહના મોબાઈલમાં મીસ્ડકોલ આવ્યો હોવાનો મેસેજ આવ્યો હતો. જેથી વિરેન્દ્રસિંહે તે નંબર પર કોલ કરતા સામે ઘનશ્યામસિંહ વાઘેલાએ ફોન ઉપાડયો હતો. ઘનશ્યામસિંહ જમાદારે વિરેન્દ્રસિંહને તમે મારા વિરુધ્ધ કેમ ચાલો છો, તમોને ચુંટણીમાં તો હરાવી દીધા છે અને ચુંટણીમાં તમારો દિકરો પણ બહુ કુદતો હતો, પણ હવે તેમને કોઈને છોડવાના નથી, માર ખાવાની તૈયારી રાખજો તેવી ધમકી આપતા વિરેન્દ્રસિંહે પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ સવાદશ વાગે વિરેન્દ્રસિંહને જમાદારે ફોન કરી કહ્યુ કે હું મર્ડરનો આરોપી છું અને હાલમાં કયાં છું તેની માહિતી આપું છું. તુ કયાં છે હું ત્યાં આવું છું અને આજે તને અને તારા છોકરાને છોડવા નથી. જેથી વિરેન્દ્રસિંહે હાલ રાત્રે ચર્ચા કરવી નથી, સવારે વાત કરીશ. જેથી જમાદાર ગાળાગાળી કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફોન કટ કરી દીધો હતો. ત્યારબાદ વિરેન્દ્રસિંહ અને પરિવારના સભ્યો સુઈ ગયા હતા. ત્યારે વહેલા પરોઢીયે ચારવાગ્યાના અરસામાં પ્રથમ માળની બારીનો કાચ તુટવાનો અવાજ આવતા વિરેન્દ્રસિંહ જાગી ગયા હતા.તેઓએ જોયુ તો તેમના ઘર પર ઘનશ્યામસિંહ વાઘેલા તેમજ તેનો ભાઈ હમીરસિંહ વાઘેલા, ભાણો દિવ્યરાજસિંહ ઉર્ફે દિલો ચાવડા સહિતના છ-સાત વ્યકિતઓએ પથ્થર મારો કર્યો હતો. તેઓના હાથમાં તલવારો અને ધોકા વડે હોહા મચાવીને બે ગાડીઓના કાચ ધોકા મારી તોડી નાંખ્યા હતા. વહેલી સવારે કોંગ્રેસના આગેવાનના ઘર પર હુમલો થતા ચકચાર મચી ગઈ હતી. હુમલાખોરો ગાળાગાળી કરતા આસપાસના વસાહતીઓ પણ જાગી જતા જમાદાર સહિતના સભ્યો બે ગાડીમાં બેસીને રવાના થઈ ગયા હતા.પરંતુ જતા સમયે તેઓ વિરેન્દ્રસિંહને જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૨૧ પોલીસ મથકે વિરેન્દ્રસિંહે ઘનશ્યામસિંહ ઉર્ફે જમાદાર, હમીરસિંહ, દિવ્યરાજ ચાવડા અને અજાણ્યા માણસો સામે ફરીયાદ નોંધાવી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લાના પ્રિ.મોન્સુન પ્લાનને આજે તંત્રની બેઠકમાં આખરી ઓપ આપી દેવામાં આવશે.

● આજથી શહેર-જિલ્લાઓની શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠશે.

● જિલ્લાના અધિકારીઓની ટીમ આજે નદીકાંઠાના વિસ્તારમાં ત્રાટકી હતી પરંતુ વરસાદને લઈ તેમને તેમના મિશનમાં ધારી સફળતા નહિ મળ્યાનું જાણવા મળેલ છે.

● ગાંધીનગર શહેરમાં પુનઃ વરસાદને પગલે ભારે કાદવ કીચડ ધરાવતુ શહેર બની ગયુ છે. તંત્ર એજન્સી સામે મૌન, નગરજનોના આરોગ્ય માટે ચિંતાજનક સ્થિતિ તરફ ધકેલી રહ્યાની લાગણી નગરજનોમાં ચર્ચાઈ રહી છે.

● ગાંધીનગર શહેરમાં આજે સવારે ૮ મી.મી. જેટલા વરસાદને પગલે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે.

● ગાંધીનગરના સરગાસણની વિવિધ સોસાયટીઓના બાળકો માટે રમતોત્સવની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે માટે વિશેષ આયોજન કરાયુ હતુ.

● બલરામ મંદિર ખાતે પુસ્તક પરબ યોજાયેલ.

● બેંકોના નકારાત્મક અભિગમને લઈ આર.બી.આઈ.ને પત્ર લખાયાની વાતથી બેંકિંગ ક્ષેત્રમાં અનેકવિધ તર્કવિતર્ક.

● આજે સવારે ફુંકાયેલ આંધીમાં સચિવાલય મીના બજારની એક દુકાનના પતરા ઉડ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ પાણીની માંગમાં ઉછાળો જણાયો છે.

● જિલ્લામાં છુટુ છવાયા ખરીફ પાકની વાવણીનો આરંભ થયો છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બસની સેવાઓ અનિયમિત થતાં ગ્રામવાસીઓમાં રોષની લાગણી જન્મી છે.

● ગાંધીનગરમાં કોબા નજીક એ.સી.બી.એ કચેરી બનાવવા માટે જમીનની માંગણી કરી છે.

● ગાંધીનગર શહેરમાં આજે બપોર પછી ઉકળાટ વધ્યો હતો.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હવે હું તને ડફોળ જેવો નહી લાગુ હવે આર્ટિફીશીયલ ઇન્ટેલીજન્સ આવી ગયુ છે... હુ એ નખાવી લેવાનો છું....!!

# એરફોર્સના અધિકારીની પત્ની સાથે રૂ.૯૮ હજારની છેતરપિંડી

## ઓનલાઈન ખરીદેલી વસ્તુ ન ગમતા રીફંડ મેળવવાના ચક્કરમાં પૈસા ગુમાવ્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના જાસપુર વોટર લીલી અદાણી શાંતિગ્રામ સોસાયટીમાં રહેતા વડોદરા એરફોર્સમાં ફરજ બજાવતા અધિકારીની પત્નીને સ્નેપડીલમાંથી રિફંડ મેળવવાના ચક્કરમાં રૂ.૯૮ હજાર ગુમાવ્યા છે. ભેજાબાજ શખ્સે લિંક મોકલી રિફંડ અપાવવા ઓનલાઈન પ્રોસેસ કરાવી છેતરપિંડી આચરવામાં આવી છે.જેને પગલે સાંતેજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા જાસપુર અદાણી શાંતિગ્રામમાં રહેતા મોહાબેન અવસ્થીના પતિ વડોદરા એરફોર્સમાં અધિકારી તરીકે ફરજ બજાવે છે. ગત તા.૨૫ મે ના રોજ મોહાબેને સ્નેપડીલ એપ્લીકેશનમાંથી ઓનલાઈન સામાન મંગાવ્યો હતો. જેથી તા.૨૭ ના રોજ સામાન આવી જતા ક્યુઆર કોડ સ્કેન કરી પૈસા ચુકવ્યા હતા. જો કે સામાન પસંદ નહી આવતા મોહાબેને ઓર્ડર કેન્સલ કરવા માટે વોટસએપ નંબરઉફર આવેલ સ્નેપડીલ મેસેજમાંથી કસ્ટમર કેરનો નંબર મેળવી ફોન કર્યો હતો. ત્યારે સામેથી એક મહિલા હીન્દીમાં વાત કરી રહી હતી. હુ તમારા ઓર્ડર કેન્સલની કમ્પ્લેઈન રજીસ્ટર્ડ કરી લઉ છું. પહેલા અમારો ડીલીવરી બોય તમારી પાસેથી સામાન આવીને પરત લઈ જશે.

ત્યારબાદ અમે તેમને પૈસા રીફંડ કરીશું. ત્યારબાદ ગણતરીના સમયમાં કોલ આવ્યો હતો અને એક શખ્સે સ્નેપડીલ ઓફિસમાંથી બોલતો હોવાનું કહીને રીફંડ માટે ઓનલાઈન પ્રોસેસ કરવાનું કહ્યું હતું.

ત્યારબાદ તેણે મોહાબેનને એક લીંક મોકલી હતી. તેના કહેવા પ્રમાણે ઓનલાઈન પ્રોસેસ કરી હતી. જો કે તેઓએ ઓપન કરેલી લીંકમાં મેસેજ આવ્યો હતો કે તમારા રીફંડના પૈસાનું ટ્રાન્જેકશન કેન્સલ થઈ ગયું છે. જેથી બીજીવાર પ્રયત્ન કરવા છતા પણ રીફંડ તેઓને મળ્યું ન હતું. શખ્સે ચાલુ વાત દરમિયાન સ્નેપડીલનો ઓર્ડર આઈડી મેળવી લીધો હતો. કામગીરીમાં ઉતાવળ કરીને બેંક એકાઉન્ટ નંબર પણ મેળવી લીધો હતો.

શખ્સે પોતાની ઓળખ આપી ૨૪ કલાકમાં પૈસા પરત ન થાય તો ફરીવાર કોલ કરવા જણાવ્યું હતું.

ત્યારબાદ તા.૩૧ મે ના રોજ મોહાબેનના એકાઉન્ટમાંથી રૂ.૧ કપાયો હતો.જયારે બીજા દિવસે રૂ.૯૮ હજાર બીજા વ્યકતિના એકાઉન્ટમાં ડેબીટ થઈ ગયા હતા. આખરે છેતરપિંડીનો અહેસાસ થતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# ફિરોજપુર ગામે વિજકનેકશન ડીપીમાંથી ૧૩ હજારના ઓઈલની ચોરી

## ડીપીમાંથી ૧૨૦ લીટર ઓઈલ ચોરી શખ્સ ફરાર

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના ફિરોજપુર ગામના સર્વે નં.૩૬૧ ખાતે આવેલી વિજ કનેકશનવાળી ડીપીમાંથી રૂ.૧૩ હજારથી વધુની કિંમતનું અંદાજીત ૧૨૦ લીટર ઓઈલ ચોરી કરી કોઈ શખ્સ લઈ ગયો છે. બનાવ અંગે ચિલોડા જીઈબીના નાયબ ઈજનેર દ્વારા ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૨ ખાતે રહેતા અને ચિલોડા જીઈબીમાં નાયબ ઈજનેર તરીકે નરેશ હરગોવિંદભાઈ પટેલ ફરજ બજાવે છે.જયારે તેમના કાર્યક્ષેત્રમાં ૨૫ ગામડા આવે છે. ગત તા.૨ ના રોજ મોટા ચિલોડા ખાતે ઓફિસ ખાતે નરેશ પટેલ હાજર હતા તે સમયે લવારપુર ગામના વાયરમેન બિપિનભાઈ પટેલ આવ્યા હતા અને જણાવ્યું કે લવારપુર ગામના ખેડુત પ્રહલાદભાઈ પટેલની ફિરોજપુર ગામના સર્વે નં.૩૬૧ માં ફિડરની ખેતીવાડી માટે આપેલી ડીપીમાંથી પાવર મળતો નથી. જેથી ડીપીમાં જઈને તપાસ કરતા ટ્રાન્સફર્મર બળી ગયું હતું. આ ટ્રાન્સફર્મરમાંથી ઓઈલ ચોરી થયુ છે તેવી વાત વાયરમેને કરી હતી. જેથી અધિકારી-કર્મચારીઓને સ્થળ પર મોકલતા ટ્રાન્સફર્મર બોડી નીચે આવતા વાલ ખોલીને ડીપીમાંથી ૧૨૦ લીટર ઓઈલ ચોરી કરી શખ્સ લઈ જતા બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# ગ-૨ પાસે ઈકોમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૪

શહેરના ગ-૨ સર્કલ પાસે ગાયત્રી હોસ્પિટલની સામેના માર્ગ પર ઉભી રહેલી ઈકો કારમાંથી એલસીબી-૨ પોલીસે રૂ.૨૫ હજારથી વધુનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે પ્રવિણ બારીયા સામે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.પરમારની ટીમના સભ્યો સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીગ કરી રહ્યા હતા.તે સમયે તેઓને બાતમી મળી હતી કે ગ-૨ સર્કલ થી ગ-૩ તરફ જતા ગાયત્રી હોસ્પિટલ સામેના માર્ગ પર પ્રવિણ બારીયાની ઈકોમાં દારૂ-બિયરનો જથ્થો પડ્યો છે. જેને પગલે પોલીસ તાત્કાલીક સ્થળ પર ગઈ હતી. ઈકો નં. જી.જે.૧૭.સી.એ.-૭૫૨૩ બિનવારસી હાલતમાં પડી હતી. ડ્રાઈવર સાઈડના દરવાજાનો કાચ અડધો ખુલ્લો હતો.જયારે પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂના કવાર્ટર ૧૩૧ તેમજ ૪૧ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે કારમાં તપાસ કરતા ડેશબોર્ડ પરથી પાકીટ મળી આવ્યું હતું.

જેમાં પ્રવિણસિંહ રંગીતસિંહ બારીયા (રહે વણઝારા ફળીયું માતરીયા વ્યાસ ગામ તા.શહેરા જી પંચમહાલ) નામનુ પાનકાર્ડ, લાયસન્સ તેમજ ઈલેકશન કાર્ડ સહિતના જરુરી કાગળો મળી આવ્યા હતા. પોલીસે દારૂ-બિયરનો જથ્થો કિં.૨૫,૮૦૦ તેમજ રૂ.૫ લાખની ઈકો મળી કુલ રૂ.૫.૨૫,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રવિણ બારીયા સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચ-૫ પાસે કાર ઝાડ સાથે ટકરાઈ



આજે ગાંધીનગર શહેરના ચ-૫ પાસે કારચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ઝાડ સાથે ટકરાઈ હતી. જેમાં કારના આગળના ભાગે ભારે નુકશાન થયુ હતુ.



આ વખતે પૂનમ બે દિવસ હોવાથી વટ સાવિત્રીનું વ્રત પણ બે દિવસ ઉજવાયું હતું. સેક્ટર-૫ અને ઈન્દ્રોડા ગામમાં ગઈકાલે પરિણીત મહિલાઓએ વડ વૃક્ષની પૂજા કરી પતિના દિર્ઘઆયુષ્ય માટે પ્રાર્થના કરી હતી.

# દહેગામમાં વીજળી પડતા બળદનું મોત નિપજ્યુ



ગાંધીનગર, તા. ૪

દહેગામ કોદરાળી ગામમાં આકાશી વીજળી પડવાના કારણે એક બળદનું મોત નિપજ્યુ હતુ. ખેતરમાં વીજળી પડવાથી સોલંકી રાજાજી ગમીરજીના બળદનું દયનીય મોત નીપજ્યુ હતુ.